# ઉંઝા એ.પી.એમ.સી.માં સેસ કૌભાંડ

*15/4/2242 : શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૯/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૭૨૯૫(અગ્રતા–૧૦૫)ના અનુસંધાને માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્ય કક્ષા ) જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | સન ૨૦૨૦ના વર્ષમાં ઉંઝા એ.પી.એમ.સી.માં થયેલ ૧૫ કરોડના કૌભાંડની તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ થઇ, | નાયબ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહેસાણા દ્વારા તા.૦૯/૦૭/૨૦૨૧ના રોજ તપાસ અહેવાલ તથા તા.૦૨/૧૧/૨૦૨૧ના રોજ વધારાની વિગતો રજૂ થયેલ છે. |
| (૨) | તપાસ દરમિયાન સેસ કેસ કૌભાંડમાં કેટલી રકમનું કૌભાંડ થયાનું સામે આવ્યુ, અને | રજૂ થયેલ તપાસ અહેવાલ મુજબ અરજદારશ્રીની રજૂઆતને બજાર સમિતિના રેકર્ડથી સમર્થન મળતુ નથી તેમ જણાવેલ છે. |
| (૩) | તે અન્વયે સરકારે જવાબદારો સામે શા પગલા લીધા? | ઉક્ત અનું. નં. ૨ મુજબ વળી આ બાબતે નામ. હાઇકોર્ટમાં એસ.સી.આર.એ.–૫૦૭૭/૨૦૨૧ અને ૫૦૯૭/૨૦૨૧ દાખલ થયેલ હોઇ, મેટર સબ જ્યુડીસ છે. |

# પૂરક પ્રશ્નો

પ્રશ્ન–૧ અત્યાર સુધી મહેસાણા જિલ્લાની એ.પી.એમ.સી. ને કેટલી સહાય ચુકવી છે ?

જવાબ:– માનનીય અધ્યક્ષશ્રી,

બજાર સમિતિમાં માળખાગત સુવિધાઓ ઊભી થાય અને તેનો લાભ ખેડૂતોને મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા અલગ–અલગ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. આ યોજનાઓમાં મુખ્યત્વે કિસાન કલ્પવૃક્ષ યોજના, આધુનિક બજારો સ્થાપવાની યોજના, અપની મંડી યોજના, મોટા કદના ગોડાઉન બનાવવાની યોજના, આદિજાતિ વિસ્તારના ખેડૂતોને ટ્રાન્સપોર્ટ સહાય આપવા જેવી વિવિધ યોજનાઓનો અસરકારક અમલ ગુજરાત સરકાર કરી રહી છે. મહેસાણા જિલ્લાની બજાર સમિતિઓની વાત કરું તો,

| અ.ન. | એ.પી.એમ.સી નું નામ | ઉપલબ્ધ સુવિધાઓ | કુલ ચુકવેલ સહાય (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | વિસનગર | ગોડાઉન, ફાર્મર શેડ, ઓક્શન શેડ, શૌચાલય, બાથરૂમ | ૫૩૭.૫૮ |
| ૨ | કડી | ગોડાઉન, ફાર્મર શેડ, ફાર્મર ગોડાઉન, ગેટ, કેબિન, આર.આર.સી. રોડ, કોટન ટેસ્ટ લેબોરેટરી | ૨૨૦.૮૫ |
| ૩ | ઉનાવા | ગોડાઉન, ફાર્મર શેડ, ઓક્શન શેડ | ૧૨૬.૦૦ |
| ૪ | સતલાસણા | આર.સી.સી. રોડ, ટોયલેટ બ્લોક, ઓફીસ બિલ્ડીંગ, દુકાનો, | ૧૯૭.૩૮ |

| | | | |
|---|---|---|---|
| | | કંમ્પાઉન્ડ વોલ, મુખ્ય ગેટ, ખેડૂત શેડ, ફ્રુટ શોપ | |
| ૫ | ખેરાલુ | અન્ડર ગ્રાઉન્ડ વોટર ટેન્ક, ટોયલેટ બ્લોક, ટ્યુબવેલ, બોરવેલ, ઓવર ટેન્ક, અન્ડર ગ્રાઉન્ડ વોટર સંપ, આર.સી.સી. રોડ, ઓફીસ બિલ્ડીંગ, કંમ્પાઉન્ડ વોલ, વે-બ્રીજ, ઓક્શન શેડ, શોપ–કમ–ગોડાઉન | ૫૨૭.૭૫ |
| ૬ | બેચરાજી | ઓક્શન શેડ, , ઓફીસ બિલ્ડીંગ, ફાર્મર શેડ | ૮૪.૬૬ |
| ૭ | મહેસાણા | ફાર્મર શેડ, ફાર્મર ગોડાઉન, કંમ્પાઉન્ડ વોલ, ઓક્શન શેડ, આર.સી.સી. રોડ, પેવર બ્લોક, ઓફીસ બિલ્ડીંગ, ખેડૂત આરામગૃહ, ગ્રેડીંગ લેબોરેટરી, પેવર ફ્લોરીંગ | ૫૩૭.૪૪ |
| ૮ | ઉંઝા | શોપ–કમ–ગોડાઉન | ૫૦૦.૦૦ |
| ૯ | વિજાપુર | ફાર્મર શેડ, ટ્યુબવેલ, આર.સી.સી.રોડ, કંમ્પાઉન્ડ વોલ, સેનીટેશન, એમ્બ્યુલન્સ વાન, વાયર ફેન્સીંગ | ૧૧૧.૫૭ |
| કુલ | | | ૨૮૪૩.૨૩ |

આમ, મહેસાણા જિલ્લાની એ.પી.એમ.સી.ઓને સરકારશ્રી દ્વારા અત્યાર સુધી કુલ ૨૮.૪૩ કરોડ રૂપિયાની માતબર સહાય ચુકવવામાં આવેલ છે.

પ્રશ્ન–૨ એ.પી.એમ.સી. ઉંઝાને અત્યારમાં કેટલી સહાય ચુકવી?

જવાબ:– માનનીય અધ્યક્ષશ્રી,

એ.પી.એમ.સી. ઉંઝાને કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત ૧૦૨ શોપ–કમ–ગોડાઉન બનાવવા માટે સરકારશ્રી દ્વારા રૂ. ૫.૦૦ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

પ્રશ્ન–૩ એ.પી.એમ.સી. ઉંઝામાં દરરોજ કેટલા ખેડૂતોને કયા પ્રકારના લાભ મળે છે?

જવાબ:– માનનીય અધ્યક્ષશ્રી,

એ.પી.એમ.સી. ઉંઝામાં સીઝન દરમ્યાન દરરોજ આશરે ૪૫૦૦ થી ૫૦૦૦ ખેડૂતો પોતાની ખેતપેદાશ લઈને આવે છે. જયારે બિન સીઝનમાં આશરે ૧૦૦૦ થી ૧૫૦૦ ખેડૂતો પોતાની ખેત પેદાશ લઈને આવે છે. એ.પી.એમ.સી. ઉંઝામાં કુલ ૨૮ નિયંત્રિત જણસીઓ છે જે પૈકી જીરુ, વરીયાળી, ઈસબગુલ, સરસવ, રાયડો, તલ, અસાળીયો, મેથી, ધાણા, સુવા અને અજમો વગેરે ચીજોનું મુખ્ય વેચાણ થાય છે. માર્કેટયાર્ડમાં સિઝન દરમ્યાન દરરોજ આશરે ૧ થી ૧.૫ લાખ બોરીનું ખરીદ–વેચાણ થાય છે. જયારે બિન સિઝનમાં દરરોજ આશરે ૧૫ થી ૨૦ હજાર બોરીનું ખરીદ–વેચાણ થાય છે.

વધુમાં બજાર સમિતિ ઉંઝામાં આવતા ખેડૂતોને (૧) રાહત દરે શુધ્ધ અને સાત્વિક ભોજન (૨) રાહત દરે ચા–નાસ્તો (૩) મફત મીનીરલ પાણીની વ્યવસ્થા (૪) આરામ કરવા માટે ટીવી રેનબસેરા (૫) ગેસ્ટ હાઉસ (૬) રાહત દરે ઉચ્ચ ગુણવતાવાળું બિયારણ (૭) પાકરક્ષણ માટે તાડપત્રી (૮) મસાલા પાક સહાય યોજના અંતગર્ત મસાલા પાકોનું વાવેતર કરતા બજાર વિસ્તારના ખેડૂતોને મહત્તમ રૂ.૪૮૦૦ સુધીની સહાય (૯) જમીન ચકાસણી તથા સ્પાર્સીસ લેબની નજીવા દરે સુવિધા પુરી પાડવામાં આવે છે.

પ્રશ્ન–૪ એ.પી.એમ.સી. ઉંઝામાંથી રોજગારી કેવી રીતે મળે છે?

જવાબ:– બજાર સમિતિમાં ૧૭૦૦ થી વધારે લાયસન્સદાર વેપારીઓ છે. દરેક લાયસન્સ દીઠ આશરે ૩ થી ૪ માણસોને રોજગારી મળે છે. આ ઉપરાંત હમાલ, તોલાટ તથા અન્ય ધંધાદારીઓને મળી આશરે ૫૫૦૦ થી વધારે લોકો રોજગારી મેળવે છે. બજાર સમિતિના સંચાલન માટે કાયમી તથા અન્ય કર્મચારી સાથે આશરે ૨૫૦ જેટલા લોકો રોજગારી મેળવે છે. આમ, એકંદરે બજાર સમિતિ સાથે સંકળાયેલ ટ્રાન્સપોર્ટ, ક્લીનીંગ–શોર્ટીંગ ફેકટરી, ચા–નાસ્તા ના સ્ટોલ વગેરે મળી કુલ ૨૫૦૦૦ થી વધારે લોકો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગારી મેળવે છે.

પ્રશ્ન–૫ એ.પી.એમ.સી. ઉંઝા દ્વારા કઈ– કઈ વેલ્ફેર એકટીવીટી કરવામાં આવે છે?

જવાબ:– બજાર સમિતિ, ઉંઝામાં (૧) ૨૪ X ૭ એમ્બ્યુલન્સ સુવિધા (૨) બજાર વિસ્તારના ખેડૂતો માટે રૂ.૨ લાખ અકસ્માત વિમા સહાય (૩) ખેડૂતોના બાળકો માટે રાહત દરે ઉચ્ચ ગુણવતાવાળી નોટબુક–ચોપડાનું વિતરણ (૪) તાલુકાના કુપોશિત બાળકો અને ટીબીના દર્દીઓને નિ:શુલ્ક પોષણ કીટનું વિતરણ (૫) ઉનાળાની સીઝનમાં મફત છાશનું વિતરણ તથા (૬) આરોગ્ય અને સુખાકારી માટે ફિઝીયોથેરાપી સેન્ટર ચલાવવામાં આવે છે.

પ્રશ્ન–૬ તાજેતરમાં એ.પી.એમ.સી. ઉંઝામાં થયેલ ભરતી અંગે કોઈ ફરીયાદો મળેલ છે?

જવાબ:– બજાર સમિતિમાં ઉંઝામાં તાજેતરમાં થયેલ ભરતી સામે જુદા–જુદા અરજદારો તરફથી ફરીયાદ મળેલ છે. આ ઉપરાંત મિતેષકુમાર જશવંતલાલ પટેલ અને અન્ય દ્વારા નામ. હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં.૧૨૦૮/૨૦૨૪ દાખલ કરેલ છે. જે અંગેની તપાસ ચાલુ છે.